સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૧૬-૦૩-૨૦૧૦ ના રોજ મળીને મુલતવી રહેલી અને તા.૧૭-૦૩-૨૦૧૦ ના રોજ ફરી મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો

...............
...............

મ્યુ. કમિશ્નરશ્રીના તા.૦૮-૦૩-૨૦૧૦ ના પત્ર નં. સીમીસ/૮/૩૮ થી વિદિત થઈ તેમજ સમિતિને સભામાં હાજર રહેલા ડેપ્યુટી કમિશ્નરશ્રી (પી એન્ડ ડી) સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૭૮(ડુમસ-ભીમપોર-ગવિયર)માં નીચે જણાવ્યાં મુજબના સુધારાઓ / ફેરફાર કરવા અને તેને આનુસાંગિક ફેરફાર કરી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૭૮(ડુમસ-ભીમપોર-ગવિયર)ના મુસદ્દાને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ નામદાર સરકારશ્રીની મંજુરી મેળવવા અર્થે નામદાર સરકારશ્રીમાં સાદર કરવા જરૂરી કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) ફા.પ્લોટનં.૧૧૨/બી-રની ફાળવણી આ સાથે સામેલ પાર્ટપ્લાન-૧ મુજબ રે.સ.નં.૩૧૦/૧૧, ઓ.પી.૧૧૬ તથા રે.સ.નં.૩૧૦/૪/૧/૧, ઓ.પી.નં.૧૦૨ ની કપાતમાં કરવી તથા સામેલ નકશા મુજબ ભાગલા કરવા.

(૨) ફા.પ્લોટ નં.૧૪૫ ની ફાળવણી આ સાથે સામેલ પાર્ટ પ્લાન -૨ મુજબ ફા.પ્લોટ નં. ૨૦૪ ના સ્થાને તથા ફા.પ્લોટ નં.૨૦૪ ની ફાળવણી ફા.પ્લોટ નં. ૧૪૫ ના સ્થાને કરવી.

(૩) ફા.પ્લોટ નં. ૧૫૦ની ફાળવણી રીઝર્વેશન આર-૨૩, " સબ સેન્ટર"માં આ સાથે સામેલ પાર્ટ પ્લાન-૨ મુજબ કરવી.

(૪) રે.સ.નં.૩૧૧/૭, ૩૧૧/૧૦, ૩૧૧/૨૦, ૩૧૨, ૩૧૬, ૩૧૯, ૩૧૫, ૩૧૭, ૩૧૩/૧, ૩૧૪, ૩૧૧/૧૮, ૩૧૮, ૩૧૩/૨, ૩૧૦/૧૪, ૩૧૧/૫/૧ થી ૩૧૧/૫/૪, ૩૧૦/૮, ૩૧૧/૧૬ માં સૈધ્ધાંતિક મંજુરી આપેલ હોવાથી પ્લાન મુજબ બાંધકામને અસર ન થાય તે રીતે કપાત/રીઝર્વેશનમાં સુધારો કરવો તથા તેને આનુસાંગિક જરૂરી સુધારા કરવા.

(૫) આ સ્કીમ વિસ્તારમાં ૧૦૦૦ ચો.વાર(૮૩૬ ચો.મી.) થી નાના પ્લોટો જે રેકર્ડ પર નોંધાયા હોય તથા નિયમ અનુસાર સક્ષમ સત્તા ધ્વારા બિનખેતી થયેલ હોય તેવા કેસોમાં કપાત કરવી નહી.

<u>ઠરાવ નં.૧૨/ ૨૦૧૦ સર્વાનુમતે મંજુર</u>

સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.૧૮-૦૩-૨૦૧૦